# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
*Re-Accredited* ***Grade A by NAAC***


નં. એસ.સી.-એસ.ટી. સેલ/૬૧/'૧૭ તા.૧૮/૧૨/'૧૭

**વિષય :-** ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ પર રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓની અરજી કરવાની તારીખ લંબાવવા બાબત.

<u>પરિપત્ર :-</u>

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે, રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ પર ૨૦૧૭-૧૮ના વર્ષની અરજીઓ ઓનલાઇન કરવાની તારીખ ૩૧/૧૨/૨૦૧૭ સુધી લંબાવવામાં આવેલ છે. આ અંગેની માહિતી આ સાથે સામેલ છે. તો સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના ધ્યાને આવે તે રીતે સદર પરિપત્ર આપના નોટીસ બોર્ડ પર મૂકવા તથા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

કુલસચિવ

<u>બિડાણ :</u>
માહિતી પત્રક

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ
(૩) માન્ય સંસ્થાઓના વડાઓ તરફ

<u>નકલ સાદર રવાના :</u>
માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

<u>નકલ રવાના :</u>
(૧) જોડાણ વિભાગ
(૨) પી.જી. વિભાગ

**New Announcement About PostMatric Scholarship (SC/ST/OBC)**

SC/ST/OBC ખાતાની જુદી જુદી પોષ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓમાં શાળા/કોલેજ/સંસ્થાઓએ આજ દિન સુધી મળેલ તમામ ઓનલાઇન અરજીઓ નિયમોનુસાર હાયર ઓથોરીટીને મોકલી આપવાની રહેશે તેમજ અગાઉ આપેલ સૂચના મુજબ હાર્ડ કોપી સહિતની દરખાસ્તો તા:૩૦/૧૨/૨૦૧૭ ની રાહ ન જોતા તાત્કલિક જિલ્લાની સંબધિત કચેરીઓને મોકલી આપવાની રહેશે.

વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ તા:૩૧/૧૨/૨૦૧૭ સુધી વધારવામાં આવે છે. આ તારીખ વિદ્યાર્થીઓએ કરેલ ક્ષતિને સુધારવા તેમજ બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓને આવરી લેવા વધારવામાં આવેલ છે.

ઉક્ત વધારેલ તારીખ મુજબ મળેલ નવી અરજીઓની દરખાસ્તો પણ તા:૦૫/૦૧/૨૦૧૮ સુધીમાં સંબધિત કચેરીઓને મોકલી આપવાની રહેશે.